**Gujarati**

**હેકની લિન્ક એટલે શું?**
હેકની લોકલ ઈન્વોલ્વમેન્ટ નેટવક (લિન્ક) (Hackney Local Involvement Network (LINk)) હેકનીમાં આરોગ્ય અને પુખ્ત વયનાં લોકો માટેની સામાજિક સંભાળની સેવાઓના સ્વતંત્ર નિરીક્ષક (વોચડૉગ) છે. હેકની લિન્ક (Hackney LINk) નું સંચાલન એક્શન ફોર હેલ્થ નામની એક સ્થાનિક ચેરિટી સંસ્થા દ્વારા કરવામાં આવે છે.

**હેકની લિન્કનો હેતુ શું છે?**
સ્થાનિક એન.એચ.એસ. અને સામાજિક સંભાળની સેવાઓમાં કેવી રીતે સુધારાઓ કરવામાં આવવા જોઈએ તે વિશે જનતાનાં મંતવ્યોનું પ્રતિનિધિત્વ કરવા અને તેમને પ્રોત્સાહન આપવા માટે હેકની લિન્ક (Hackney LINk) ચલાવવામાં આવે છે.

**હેકની લિન્ક અલગ કેવી રીતે છે?**
સેવાઓ ખરીદતાં અને ચલાવતાં લોકો પાસેથી જવાબ માગવાની અને હેકની લિન્ક (Hackney LINk) દ્વારા કરવામાં આવતી કોઈ પણ ભલામણઓ તેઓ સાંભળે છે તેની ખાતરી કરવાની હેકની લિન્ક (Hackney LINk) પાસે કાનૂની સત્તાઓ છે. હેકની લિન્ક (Hackney LINk) સ્થાનિક સેવાઓ અને સુવિધાઓની ગુણવત્તાનું નિરીક્ષણ પણ કરી શકે છે.

**તેમાં કોણ જોડાઈ શકે છે?**
વ્યક્તિગત લોકો અને સ્વૈચ્છિક (વોલન્ટરી) અથવા સામાજિક (કમ્યૂનિટી) જૂથો તેમાં જોડાઈ શકે છે. વ્યક્તિગત લોકો હેકનીમાં રહેતાં હોવાં અથવા હેકનીની આરોગ્ય અથવા સામાજિક સંભાળની કોઈ પણ સેવાનો ઉપયોગ કરતાં હોવાં જરૂરી છે. સ્વૈચ્છિક જૂથો તેમની સેવામાં હેકનીને આવરી લેતાં હોવાં જરૂરી છે.

**હેકની લિન્ક કોણ ચલાવે છે?**
હેકની લિન્ક (Hackney LINk)નું સંચાલન એક સ્ટીયરિંગ ગ્રુપ દ્વારા કરવામાં આવે છે જેઓ હેકની લિન્ક (Hackney LINk)ના દિશાસૂચન અને અગ્રતાઓ વિશેના નિર્ણયો લે છે. આ સ્ટીયરિંગ ગ્રુપના સભ્યોની પસંદગી સભ્યો દ્વારા સભ્યોમાંથી જ કરવામાં આવે છે.

**હેકની લિન્ક મારી પાસેથી શું જાણવા માગે છે?**

- આરોગ્ય સેવાઓનો ઉપયોગ કરનારા દર્દી તરીકે તમારો અનુભવ શું છે?
- પુખ્ત વયનાં લોકોની સંભાળ રાખવાની સેવાઓ વાપરનારા ઉપયોગકર્તા તરીકે અથવા એક કેરર (તે વ્યક્તિની સંભાળ રાખનાર) તરીકે તમારો અનુભવ શું છે?
- કયા ફેરફારો કરવા જરૂરી હોવાનું તમને લાગે છે?
- સેવાઓમાં સુધારા કરવા માટે તમારી પાસે કયા સૂચનો છે?

તમે નીચેની રીતે અમારો સંપર્ક કરી શકો છોઃ

ઈમેઈલઃ info@hackneylink.org.uk
વેબસાઈટઃ www.hackneylink.org.uk
ટેલિફોનઃ 020 8510 1972

પોસ્ટઃ Hackney LINk
Unit A (first floor)
Ment House
1B Mentmore Terrace
London
E8 3DQ

**હેકની લિન્કના સભ્ય બનવા માટેનું ફોર્મ**

સભ્ય બનવા માટે કૃપા કરીને નીચેની વિગતો પૂરી પાડોઃ

નામઃ

સરનામુંઃ

ટેલિફોનઃ

ઈમેઈલઃ

સંસ્થા અથવા ઉપયોગકર્તાનું જૂથઃ

અને તે આ સરનામે પાછું મોકલી આપોઃ

**Hackney LINk**
**Freepost RSBK-AZHL-AJBB**
**62 Beechwood Road**
**London E8 3DY**